# પ્રાથમિક શાળામાં ભણતાં  બાળકને ઓળખીએ........

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકની ઉંમર સામાન્ય રીતે પાંચથી બાર વર્ષની હોય છે. આ અવસ્થાને કિશોરાવસ્થા તરીકે ઓળખવામાં આવે છે. વ્યકિત પોતે જુદી જુદી અવસ્થામાં જુદાં જુદાં વર્તન કરે છે. તે રીતે જોતાં કિશોરાવસ્થા ધરાવતા બાળકના લક્ષણો-વર્તનો  ચોક્કસ હોય છે. આ લક્ષણો-વર્તનોથી વાલી અને શિક્ષકે પરિચિત થઇને તેને આધારે જ બાળકો સાથે વર્તન વ્યવહાર કરવો જોઇએ. વાલી અને શિક્ષકના બાળક સાથેના વર્તનવ્યવહારની બાળકના ભવિષ્યના વિકાસ પર ખૂબ જ મોટી અસર થાય છે. એમાં પણ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળક સાથે કરલું વર્તન ક્યારેક તેના સંસ્કારમાં પરિણમે છે. સંસ્કાર  લાંબાગાળા સુધી ટકે છે. માટે જ આ અવસ્થામાં સિંચેલા સંસ્કાર જે તે બાળકના ભવિષ્યના ઘડતર અને વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. અહીં આપણે પ્રાથમિક શાલામાં અભ્યાસ કરતાં બાળકોના કેટલાંક લક્ષણો જાણીએ.

આ અવસ્થાના બાળકનો શારીરિક અને માનસિક વિકાસ ઝડપી હોય છે.તેની ઊંચાઇ વધવાને કારણે વજનમાં પણ વધારો થાય છે. મસ્તકનો વિકાસ લગભગ ૯૫ ટકા જેટલો થાય છે. તેની ગ્રહણશીલતામાં વધારો થાય છે. તેની જિજ્ઞાસાવૃત્તિ પ્રબળ બને છે. તેનામાં રોજિંદા વ્યવહારો માટેની જિજ્ઞાસા પણ પેદા થાય છે. નવી નવી વાતો સાંભળવી અને જાણવી તેને ગમે છે. માટે જ વાલી સાથે વાતો કરતો બાળક વધારે પ્રમાણમાં પ્રશ્નો પૂછે છે. જો તેને સંતોષ થાય તેવી ભાષામાં જવાબ આપવામાં ન આવે તો તે અસંતોષ અનુભવે છે. ક્યારેક મા-બાપ એમ કહીને જવાબ ટાળી દેતાં હોય છે કે,“ તને ખબર ના પડે”. વાલી પાસે આવા જવાબની અપેક્ષા બાળકની હોતી નથી. આમછતાં બિચારું બાળક મૂંગા મોઢે પોતાની અપેક્ષા દબાવી દે છે. અહીં વિચારવાનું થાય કે, જો તમે બાળકની અપેક્ષા સંતોષતા નથી તો બાળક તમારી અપેક્ષા ક્યાંથી સંતોષશે. વાલી ઉંમર, અનુભવ અને પરિપકવાતામાં બાળક કરતાં બધી જ રીતે આગળ હોવાં છતાં બાળકને સમજી શકતા નથી, તો બિચારું બાળક આટલી નાની ઉંમરે તમને ક્યાંથી સમજી શકે? આમછતાં વાલી ઘણીવાર ખોટો બળાપો કાઢતા હોય છે કે, “આ તો કાંઇ સમજતો જ નથી ને?” ખરેખર તો વાલીએ કે શિક્ષકે જિજ્ઞાષાવૃત્તિ સંતોષવા પ્રવાસ, પર્યટન, શિબિર વગેરે કરવું જોઇએ. આ અવસ્થાના બાળકોની નિરીક્ષણ શકિત સતેજ હોય છે. આસપાસ બનતી ઘટનાઓ અને વાલીના દરેક નાનામોટા વર્તનનું બાળકો સતત નિરીક્ષણ કરતાં હોય છે. તેમનું આ નિરીક્ષણ તેમને વિચારવાની અને વર્તન બદલવાની પ્રેરણા આપે છે. માટે જ દરેક વાલીએ બાળકોને એવાં નિરીક્ષણની તક આપવી જોઇએ કે જેથી તેમનું વલણ અને વર્તન હકારાત્મક બને.

કિશોરાવસ્થાના બાળકોમાં કેટલાંક અંશે ઈર્ષ્યાભાવ હોય છે. માટે જ પ્રાથમિકશાળામાં અભ્યાસ કરતું બાળક તેના સહઅધ્યાયીની ફરિયાદ તેના શિક્ષકને વારંવાર કરે છે. એટલું જનહીં પોતાના મિત્રની ફરિયાદ તેના મા-બાપને પણ સતત કરે જ છે. જેને સ્વાભાવિક પ્રક્રિયા ગણીને શિક્ષકે અને વાલીએ સ્વીકાર કરવો જોઇએ. જે માટે બાળકમાં કોઇ નબળાઇ છે તેવું માનવાની જરાય જરૂર નથી.

આમછતાં આ ઉંમરના બાળકને તેના સમવયસ્ક મિત્રો સાથે જૂથમાં રહેવું ગમે છે. જેથી તમે તેને ઘરમાં જ રમવાનું કહેશો તો તેને ગમશે નહીં. બાળકને ઘર બહાર ઓછામાં ઓછું પાંચ-છ કલાક રહેવું ગમે છે. જેથી વાલીએ બાળકને ઘર બહાર તેના સમવયસ્ક મિત્રો સાથે રમવાની પૂરતા પ્રમાણમાં છૂટ અને તક આપવી જોઇએ. તેમને પોતાની ઉંમરના બાળકો સાથે ભળતાં શીખવવું પણ જોઇએ. જે તેના સામાજિક વિકાસ માટે પણ જરૂરી છે. તેનામાં સંગ્રહવૃત્તિ પ્રબળ હોય છે. તેમાંપણ છોકરા અને છોકરીઓની પસંદગી જુદી જુદી જોવા મળે છે. સંગ્રહવૃત્તિના કારણે બાળકો ઘરમાં નવીજૂની નાનીમોટી વસ્તુઓ લાવે છે. છોકરાઓ લખોટીઓ, ટિકિટોનો સંગ્રહ કરેછે તો છોકરીઓ ચિત્રો, કપડાંના ટુકડા, કચૂકા, કાચના ટુકડાનો સંગ્રહ કરે છે. જૂના તૂટેલા રમકડાં, પેન્સિલના ટૂકડા પણ તેમને ફેંકી દેવા ગમતા નથી. આવી બાબત મોટાભાગના વાલીને પજવતી જોવા મળે છે. પરિણામે આવા વાલી પોતાના બાળકને પજવતા હોય છે. તેઓ બાળકે એકઠી કરેલી વસ્તુઓ ફેંકી દે છે અથવા તો બાળકને આમ કરતાં રોકે છે. આ ઉંમરના બાળકોને વિજાતીય વ્યતિનું આકર્ષણ તો હોતું નથી, પણ થોડા પ્રમાણમાં ધૃણા જોવા મળે છે. માટે જ એક જ ઘરમાં રહેતા નાના ભાઇબહેન વારંવાર ઝગડતા જોવા મળે છે. એકબીજા પર ગુસ્સો કરતા જોવા મળે છે. મોટાભાગના બાળકો બહિર્મુખી વ્યક્તિત્ત્વ ધરાવતા હોય છે. આમછતાં તેના ઘરના વાતાવરણની અસર તેના વ્યક્તિત્ત્વ પર થાય છે. ઘરમાંથી કેટલા પ્રમાણમાં સ્વતંત્રતા મળે છે કે કેટલા પ્રમાણમાં અંકુશ રાખવામાં આવે છે તે બાબત બાળકના વ્યકિતત્વનો આધાર બની રહે છે.

ઉપરોક્ત જેવા ઘણાં લક્ષણો કિશોરાવસ્થામાં સ્થાયી રીતે જોવા મળતા હોય છે. આવા લક્ષણો જે તે ઉંમરના સ્વાભાવિક કુદરતી લક્ષણો છે. જેને દરેક વાલીએ સ્વીકારી બાળક સાથે વર્તન કરવું જોઇએ. સાથે તેવા લક્ષણોને આધારે ઘરના વાતાવરણમાં જરૂરી ફેરફાર પણ કરવા જોઇએ. ટૂંકમાં આપણી ઇચ્છા અને અપેક્ષાને આધાર બનાવીને બાળકો સાથે વર્તન ન કરતાં તેનામાં રહેલી સ્વાભાવિક બાબતોને આધાર બનાવીને તેની સાથે વર્તન કરવું જોઇએ. બાળકને બાળક તરીકે જ રહેવા દેવામાં છાણપણ છે. જે વાલી બાળકને બાળક તરીકે નથી રહેવા દેતા તે વાલી પણ હકીકતમાં વાલી નથી રહેતો. વાલી કે શિક્ષકે પહેલાં પોતાની ભૂમિકા યોગ્ય રીતે ભજવવી જોઇએ, પછી જ બાળક પાસે યોગ્ય ભૂમિકા ભજવવાની અપેક્ષા રખાય. મોટી ઉંમરના વાલી કે શિક્ષક જો સમજી શકતા ન હોય કે પોતાના વર્તનમાં ફેરફાર કરી સકતા ન હોય તો નાની ઉંમરના બાળકો ક્યાંથી સમજી શકે કે પોતાના વર્તનમાં ફેરફાર કરી શકે? તો મિત્રો સૌ પ્રથમ બાળકને ઓળખીએ પછી જ આપણી ઓળખ તેમને આપએ તે બાળક અને આપણા હિતમાં રહેશે.